આકાશવાણી-ભુજ

સમાચાર વાચક :- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખઃ–23-10-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---------------------------------------------------------------------------

# ખેડૂતો માટે 1419 કરોડનું પેકેજ જાહેર

ગાંધીનગરમાં આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે સહાય પેકેજની જાહેરાત કરવામાં આવી છે. સરકારે ખેડૂતો માટે 1 હજાર 419 કરોડનું પેકેજ જાહેર કર્યું છે.

રાજ્યમાં ઓગસ્ટ મહિનામાં પડેલા વરસાદ બાદ થયેલા પાક નુકસાનને લઇ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે જેમાં 20 જિલ્લાના 136 તાલુકામાં 6 હજાર 812 ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત પ્રકાર, બિન પિયત, બાગાયતી પાકનો સમાવેશ કરાયો છે. 33 ટકાથી વધુ નુકસાની વાળો વિસ્તાર 8.5 લાખ હેક્ટરથી વધુ હોવાનું જણાવ્યું છે. જેમાં મુખ્યત્વે મગફળી, કપાસ, ડાંગર, તુવરે અને સોયાબિનના પાકનું નુકસાન થયું હતું. અત્રે યાદ અપાવીએ કે, રાજ્ય સરકાર આ અગાઉ ઓગસ્ટમાં 350 કરોડનું પેકેજ જાહેર કરી ચૂકી છે.

આ ઉપરાંત આ બેઠકમાં રાસાયણિક ખાતરની અછત, દિવાળીના આગામી સ્નેહમિલનના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી કાર્યક્રમો અને રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયોની સમીક્ષા કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ/N.P**

---------------------------------------------------------------------------

## સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે યોજાશે. આ માટે સામાન્ય નાગરિકો અને અર□દારો તેમની રજૂઆતો આવતીકાલે સવારે સાડા આઠથી સાડા અગિયાર વાગ્યા સુધીમાં મુખ્યમંત્રીના □નસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રાજ્ય સરકારે પડતર દિવસે રજા જાહેર કરી

રાજ્ય સરકારે દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે આવતા પડતર દિવસે રજા જાહેર કરી છે. 31મી ઓક્ટોબરે ગુરૂવારે દિવાળી છે અને 2જી નવેમ્બરે બેસતુ વર્ષ છે. જ્યારે 1 નવેમ્બરે શુક્રવારે પડતર દિવસ છે. સરકારી કચેરીઓમાં દિવાળી ગુરુવાર અને બેસતા વર્ષ શનિવાર રજા હતી. હવે પડતર દિવસે શુક્રવારે રજા જાહેર કરાતા ગુરુવારથી રવિવાર સુધી મીની વેકેશન જેવો માહોલ સર્જાશે.

**N.P**

---------------------------------------------------------------------

## પ્રાકૃતિક કૃષિ માટે સહાય

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ માટે જીવામૃત, ઘન જીવામૃત બનાવવા તથા વિતરણ માટે માળખાકીય સુવિધાના નિર્માણ માટે યોજના અન્વયેની સખી મંડળો અથવા ખેડૂત ગ્રુપને ૫૦ ટકા સુધીની સહાય 60 હજારની મર્યાદામાં મળવાપાત્ર થશે. આ ઉપરાંત ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થાઓ કે એફપીઓએ પ્રાકૃતિક કૃષિ માટે માળખાકીય સુવિધા માટે ૫૦ ટકા અથવા ૧ લાખ ૨૦ હજારની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

મા.ખા

---

## પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા મહિલા જાગૃતિ સેમિનાર

જિલ્લા મથક ભુજ ખાતે આયોજીત મહિલા જાગૃતિ કાર્યક્રમ દરમિયાન પશ્ચિમ કચ્છ પોલીસ મહિલા સુરક્ષા અને ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે કટિબધ્ધ છે. તેવું પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ જણાવ્યું હતું. આજે જિલ્લા મથક ભુજની મુક્તિ જીવન સ્વામીબાપા મહિલા કોલેજ ખાતે સી ટીમ દ્વારા દિવાળીના તહેવાર, વેકેશનને અનુલક્ષીને તેમજ સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિ માટે મહિલા સેમીનારનું આયોજન કરાયું હતું.

**N.P**

---

## પર્યટન પર્વ માંડવી

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, કચ્છ તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, ભુજ દ્વારા માંડવી ખાતે પર્યટન પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ સહિત રાજ્યના પર્યટન સ્થળોની મુલાકાત લેતા પર્યટકોને વિભિન્ન પ્રકારની ઝાંખી મળે તે માટે પર્યટન પર્વ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

મા.ખા.

---------------------------------------------------------------------------

## કેનાલમાં ડૂબી જવાથી મૃત્યુ

ભચાઉ તાલુકાના ખારોઈ ગામે કેનાલમાં પડી જવાથી પિતા – પુત્રના મૃત્યુ નિપજ્યા છે. આજે બપોરે ખારોઈ ગામ નજીક આવેલી નર્મદા કેનાલમાં પાણી પીવા ગયેલા પુત્રનો પગ લપસી જતા તે તણાયો હતો. જેને બચાવવા જતાં તેના પિતા પણ પાણીમાં તણાયા હતા.

**RNU ઓફિસ ગ્રુપ/ રામજી મેરિયા**

---------------------------------------------------------------------------